# પ્લાસ્ટ ઈન્ડિયાનો ધમધમાટ આજથી શમી જશે : ટ્રાફીકથી મુકત બનશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં છેલ્લા કેટલાય દિવસોથી પ્લાસ્ટ ઈન્ડિયા પ્રદર્શનનો ધમધમાટ ચાલે છે. છેલ્લા પંદર દિવસથી તો શહેરમાં સવાર-સાંજ ભયંકર ટ્રાફીક થાય છે. હવે આખરે પ્રદર્શન આજે સાંજે પૂર્ણ થતાં શહેર તેની અસલી રંગતમાં પરત આવી રહ્યું છે. ગાંધનગરમાં હેલીપેડ ગ્રાઉન્ડ પર આંતરરાષ્ટ્રીય કક્ષાનું પ્લાસ્ટ ઈન્ડિયા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલી જુદી જુદી કંપનીઓના લગભગ ૧૫૦૦ જેટલા સ્ટોલ્સ લાગ્યા હતા જેના કારણે છેલ્લા ૧૫ દિવસથી શહેરમાં લોકોની અવરવજર ખુબ વધી ગઈ હતી. પ્રદર્શનની મુલાકાતે આવતા મુલાકાતીઓની અવરજવરથી શહેરમાં ટ્રાફીકનો ધમધમાટ ખુબ વધી ગયો હતો. મોટા ભાગે શાંત રહેતા શહેરમાં ભારે ટ્રાફીકના કારણે શહેરના સામાન્ય વસાહતીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. ખાસ કરીને ઘ અને ચ રોડ પર તો સમગ્ર દિવસ દરમિયાન ભારે ટ્રાફીક રહેતા વસાહતીઓએ અવરજવર માટે અન્ય માર્ગો પર પસંદગી ઉતારી હતી.



લગભગ દસેક દિવસોના ભારે ધમધમાટ બાદ આખરે પ્રદર્શન આજે સાંજે પૂર્ણ થઈ રહ્યું છે ત્યારે ગાંધીનગરમાં ધીમે ધીમે ભીડ ઓછી થઈ રહી છે. આજે પ્રદર્શનમાં ઓછી ભીડ જોવા મળી હતી. જેના કારણે ટ્રાફીક પણ ઓછો થઈ ગયો હતો. છેલ્લા કેટલાય દિવસોથી પોલીસ બંદોબસ્તમાં રહેલા પોલીસકર્મીઓને આજે થોડીક રાહત મળી હતી. વસાહતીઓએ પણ થોડીક રાહત અનુભવી હતી.

# રાજયમાં ૬ સ્થાનો પરની પેટાચૂંટણીમાં શાંતિપૂર્ણ મતદાન

## ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનની સહાયતાથી મતદાન થયુ હોવાથી બપોર સુધીમાં તમામ પરિણામ જાહેર થઈ શકે

અમદાવાદ, તા.૯

અમદાવાદ મહા-નગરપાલિકાના વોર્ડ નંબર ૪૩ની એક બેઠક તથા છ નગરપાલિકાની છ બેઠકોની પેટાચુંટણીમાં શાંતિપૂર્ણ રીતે મતદાન યોજાયા બાદ આવતીકાલે મતગણતરી હાથ ધરવામાં આવશે. ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનથી મતદાન થયું હોવાથી બપોર સુધીમાં તમામ પરિણામ જાહેર કરાય તેવી શક્યતા દેખાઈ રહી છે. કાર્યક્રમ અનુસાર આજ તા. ૦૮-૦૨-૨૦૧૫ના રોજ આ સંસ્થાઓ માટે સવારના ૮-૦૦ વાગ્યાથી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી મતદાન યોજાયેલ છે. પેટાચૂંટણી હેઠળની મહાનગર પાલિકા, નગરપાલિકામાં મતદાન વીજાણું મતદાન યંત્રો (ઈ.વી.એમ.) દ્વારા કરવામાં આવેલ છે. મળેલ પ્રાથમિક અહેવાલ મુજબ અમદાવાદ મહાનગરપાલિકાના વોર્ડ નં-૪૩ની એક બેઠકમાં ૩૯ ટકા અને છ નગરપાલિકાની ૬ બેઠકોમાં સરેરાશ ૫૩ ટકા મતદાન થયાના અહેવાલો મળેલ છે. મતદાન એકંદરે શાંતિપૂર્ણ સંપન્ન થયેલ છે. કોઈ અનિચ્છનીય બનાવ બનેલ નથી. મત ગણતરી તા. ૧૦-૦૨-૨૦૧૫ના રોજ હાથ ધરવામાં આવશે. વીજાણું મતદાન યંત્રોથી ચૂંટણી થયેલ હોવાથી બપોર સુધીમાં પરિણામો જાહેર થશે. રાજય ચૂંટણી આયોગ શાંતિપૂર્ણ મતદાન માટેના સહયોગ બદલ મહાનગરપાલિકા-નગરપાલિકાના પેટા ચૂંટણી હેઠળના મતદારો, રાજકીય પક્ષો, ઉમેદવારો, મીડીયા, ચૂંટણી સાથે સંકળાયેલા તમામ અધિકારીઓ-કર્મચારીઓ તથા પોલીસ તંત્ર અને જાહેર જનતાનો આભાર માને છે.

# પ્લાસ્ટ ઈન્ડિયામાં કંપનીની પ્રોડકટના પ્રમોશન અને નવા બાયર્સની તક

## વિવિધ પ્રકારની બેગ્સનું ઉત્પાદન કરતી રીફોર્મ પેકેજીંગને નવા બાયર્સ-સેલર્સ સામે બ્રાન્ડનું પ્રમોશન કર્યુ

ગાંધીનગર, તા.૯

પ્લાસ્ટ ઈન્ડીયા ૨૦૧૫માં દેશના અનેકવિધ




પ્લાસ્ટીક ઉદ્યોગો હીસ્સેદાર બન્યા છે. ગુજરાતમાં પણ નાના મોટા પ્લાસ્ટીક ઉદ્યોગોએ બિઝનેસની વિવિધ બ્રાન્ડસને પ્રમોટ કરવા એકઝીબીશનમાં ભાગ લીધો છે. પ્લાસ્ટ ઈન્ડીયાના માધ્યમથી કંપનીની બ્રાન્ડના પ્રમોશનની સાથે વેપારીઓને ખરીદી વેચાણ માટેની નવી તકો ઉપલબ્ધ થઈ છે. રીફોર્મ પેકેજીંગને પણ પ્લાસ્ટ ઈન્ડીયાના માધ્યમથી કંપનીની પ્રોડકટના વેચાણ પ્રમોશન માટે નવું પ્લેટફોર્મ મળ્યું હોવાનું પણ કંપનીના મેનેજર શ્રેયા વોરાએ જણાવ્યું છે.

સરખેજ-સાણંદ માર્ગ પર સ્થિત રીફોર્મ પેકેજીંગના એચ.આર. મેનેજર શ્રેયા મહેતા તેમજ માર્કેટીંગ મેનેજર પાર્થ જરીવાલાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે તેમની કંપની અનાજ, મસાલા તેમજ કેટલ ફીડ વિવિધ પ્રકારની બેગ્સનું ઉત્પાદન કરે છે. જયારે ૪૦ ટકા માલ એકસપોર્ટ પણ કરે છે. આ ક્ષેત્રમાં ગુજરાતમાં સ્પર્ધાત્મક અભિગમ વધુ હોવાથી કવોલીટી બેઈઝ પ્રોડકશન તરફ વધુ ધ્યાન કેન્દ્રીત કરવું પડે છે. અંદાજિત ૧ મહીનામાં ૨૫૦ ટનનું પ્રોડકશન થાય છે. પ્લાસ્ટ ઈન્ડીયાના માધ્યમથી વિવિધ બ્રાન્ડના પ્રમોશન સાથે નવા બાયર્સ અને સેલર્સ ઉપરાંત રો મટીરીયલ્સના સપ્લાયર્સને મળવાની તક મળી હોવાનું પણ તેમણે જણાવ્યું છે.

# ગાંધીનગર તાલુકાનો લોકસંવાદ સેતુ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા સેવા સદન ખાતે આજરોજ જિલ્લા -ભારી અને આરોગ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર તાલુકાનો લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમ અંતર્ગત તાલુકાના અરજદારોએ તેમના પ્રશ્નોની રજુઆત કરી હતી. જે સંદર્ભે મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે હકારાત્મક દ્રષ્ટિકોણથી અને નિયમાનુસાર યોગ્ય કાર્યવાહી કરી અરજદારોના પ્રશ્નોનું નિરાકરણ કરવા જિલ્લાના સંબંધિત અધિકારીશ્રીઓને સૂચના આપી હતી.

શ્રી યોગેશકુમાર બી. નાયી, સરપંચશ્રી કોબા દ્વારા બીપીએલ લાભાર્થીઓને ઘરથાળ પ્લોટ માટે ગામતળ નીમ કરવા અંગેનો તથા સ્મશાન માટે જમીન નીમ કરવા, પોરના શ્રી વિનુજી ઠાકોરે



ભાડાપટ્ટાની જમીનમાં દુકાન બનાવવાની મંજૂરી અંગે, કોબાના શ્રી ભૂપેન્દ્રભાઈ કે. પટેલે યુ.જી. વી.સી.એલ. ને લગતો ઈલેકટ્રિક થાંભલા - વાયર બદલવા માટેનો, ગાંધીનગરના શ્રી બાબુજી ઠાકોરે અસરગ્રસ્ત ખેડૂત ખાતેદાર તરીકે જમીન- જમીન રહેણાકના પ્લોટ અંગે, નવા કોબાના શ્રી લક્ષ્મણભાઈ પટેલે માળખાકીય સુવિધાઓ અંગે, તાલુકા પંચાયત ગાંધીનગરના પ્રમુખ શ્રી કાળુસિંહ રાઠોડે એટીવીટી યોજનાની ગ્રાંટ તથા રેતી- કાંકરીની ગ્રાંટ બાબતે વગેરે પ્રશ્નોની રજુઆત કરવામાં આવી હતી.

મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જિલ્લાના અધિકારીશ્રીઓને અરજદારોના પ્રશ્નો બાબતે હકારાત્મક - માનવીય અભિગમ સાથે ઝડપી નિયમાનુસાર કાર્યવાહી કરી ગતિશીલ ગુજરાતની લોકોને અનુભૂતિ કરાવવા ખાસ અનુરોધ કર્યો હતો. જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે ઝડપી કાર્યવાહી કરી પ્રશ્નો ઉકેલવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ -સંગે ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, જિલ્લા પંચાયત -મુખ શ્રીમતી હિનાબેન પટેલ, જિલ્લા કલેકટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધીકારી શ્રી વિકટર મેકવાન, અધિક નિવાસી કલેકટર શ્રી એમ. ડી. મોડિયા, ગાંધીનગર -ાંત અધિકારી શ્રી સુધીરભાઈ પટેલ, કલોલ -ાંત અધિકારી શ્રી વી. જી. કાલરિયા વગેરે જિલ્લાના અધિકારીશ્રીઓ ઉપસથિત રહ્યા હતા.

# આચાર્યોની ભરતી માટે આજે મેરીટ લિસ્ટ જાહેર થઈ શકે

અમદાવાદ, તા.૯

રાજયની તમામ જિલ્લા પંચાયત અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતીના પ્રાથમિક શાળાઓમાં આચાર્યની ખાલી પડેલ ૨૪૬૭ બેઠકો આવતીકાલે શિક્ષણ બોર્ડ દ્વારા કામચલાઉ મેરીટ યાદી બોર્ડની વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવશે. જેને લઈ એચ ટાટની પરીક્ષામાં ઉતીર્ણ થયેલા ઉમેદવારોમાં આતુરતાની લાગણી વ્યાપી જવા પામી છે. રાજયની વિવિધ જિલ્લા પંચાયતો અને નગરપાલિકાઓ સંચાલિતો સરકારી પ્રાથમિક શાળાઓમાં આચાર્યની ૨૪૬૭ જગ્યાઓ લાંબા સમયથી ખાલી પડેલી હતી. જેને ભરવા માટેની કવાયત રાજય શિક્ષણ બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં ઉમેદવારો પાસથી અરજીઓ મંગાવવામાં આવી હતી. જેના અનુસંધાને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષમ બોર્ડ

● અનુસંધાન પાના - ૭ પર

# વહીવટીતંત્રમાં એફીશીયન્ટ કેડેર માટે જરૂરી અધિકારીઓ કર્મચારીઓ સુનિશ્ચિત કરાશે

ગાંધીનગર, તા. ૯

રાજ્ય સરકારના વહીવટીતંત્રને વધુ સુદઢ અને સક્ષમ બનાવવા માટે એફીશીયન્ટ કેડેર મેનેજમેન્ટ માટે જરૂરી અધિકારીઓ ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકારના વિવિધ વિભાગો અને તેના તાબા હેઠળની કચેરીઓમાં વિવિધ સંવર્ગની જગ્યાઓ ઉભી કરવામાં આવેલી છે.

દરેક વિભાગોની જુદી જુદી કામગીરી અસરકારક રીતે હાથ ધરી શકાય તે માટે રાજ્ય સરકારના અધિકારીઓ કર્મચારીઓને તાલીમ આપવામાં આવે છે. જેથી કરીને રાજ્ય સરકારની કામગીરી અને વહીવટીતંત્ર સુદઢ બને.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિવિધ વિભાગોમાં કેટલાક સંવર્ગોની જગ્યાઓ ખાલી પડેલી છે. આવી જગ્યાઓ ન ભરાવાને કારણે કાર્યસક્ષમ અધિકારી કર્મચારીઓની ઘટ વર્તાઈ છે અને તેના કારણે તેની વિપરીત અસર વહીવટી કામગીરી પર પડવા પામે છે.

રાજ્યના વહીવટીતંત્રમાં આવું ન બને અને વહીવટીતંત્ર કાર્યક્ષમ બને તે માટે એફીશીયન્ટ કેડેર મેનેજમેન્ટ માટે દરેક કક્ષાએ જરૂરી અધિકારી કર્મચારીઓ ઉપલબ્ધ હોય તે સુનિશ્ચિત કરવા માટે પ્રવરતા યાદીઓ તૈયાર કરવાની કામગીરી સમયસર કરવા અને અધિકારી કર્મચારીઓને બઢતી આપવા માટેની કાર્યવાહી સમયસર થાય તે પ્રકારની કાર્યવાહી હાથ ધરવા સૂચનાઓ આપવામાં આવી છે.

# અમદાવાદની જિનલ પટેલે બ્લડ કેન્સર પીડીત યુવાનને નવજીવન આપ્યુ

## બ્લડ સ્ટેમ સેલના દાનથી સુરતના યુવાનને નવી જિંદગી મળી : દાત્રી સંસ્થાનું બ્લડ સ્ટેમ સેલના દાતાઓની નોંધણી માટે અભિયાન

ગાંધીનગર, તા. ૯

લ્યુકેમિયાથી પીડાતા સુરતના યુવાનને અમદાવાદની યુવતિએ નવુ જીવન આપ્યું છે. અમદાવાદમાં પ્રથમ સફળ બ્લડ સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટના આધારે નવયુવાનનો જીવ બચાવી લેવાની સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. એપોલો હોસ્પિટલ અને દાત્રી બ્લડ સ્ટેમ સેલ ડોનર્સના પ્રયત્નોથી બ્લડ કેન્સરના આ દર્દીને મોતના મુખમાંથી ઉગારી લેવાયો સ્થાપન અને સીઈઓ રઘુરાજ ગોપાલે દાતા અને દર્દીને મેળવી યુવાનીના ઉંબરે ઉભેલા નવયુવાનને નવજીવન આપવાનું ઉમદા અને ઉદાહરણરૂપ કામ કર્યુ છે. દાતા અને દર્દી આજે એક મંચ પર ભેગા થતા ભાવનાસભર દશ્યો સર્જાયા હતા. આ તબક્કે દાત્રીના સીઈઓ રઘુરાજ ગોપાલે જણાવ્યું હતું કે બ્લડ સ્ટેમ સેલ્સના દાન માટે દુનિયામાં ૨૦ મિલિયનથી વધુ નોંધણીકૃત દાતા છે. પરંતુ ભારતીયોની સંખ્યા નહીવત છે. જેના લીધે દેશમાં આવા



છે. બ્લડ કેન્સરના દર્દીઓનો જીવ બચાવવા બિન સરકારી સંસ્થા દાત્રી દ્વારા સ્ટેમ સેલનું દાન અને મેચ મેળવવા દાતાઓની નોંધણી કરવાનું ઉમદા અભિયાન ચલાવી રહી છે. દાત્રીકક્ષાએથી ૭૦,૦૦૦ હજાર દાતાઓની નોંધણી કરવામાં આવી છે. આ પૈકી ૧૧,૫૦૦ જેટલા ગુજરાતના દાતાઓએ પણ બ્લડ સ્ટેમ સેલના દાન માટે નોંધણી કરાવી છે, જો કે મેચીંગનો રેશીયો નહીવત હોવાથી વધુ દાતાઓ આગળ આવે તે માટે પણ બ્લડ કેન્સરના દર્દીઓના મહામુલા જીવનને બચાવવા પ્રયાસો હાથ ધરાયા છે.

સુરતના ૧૭ વર્ષીય નવયુવાનને લ્યુકેનિયાની જીવલેણ બીમારીમાંથી નવજીવન આપવામાં આવ્યું છે. આ યુવાનને બ્લડ કેન્સર થયું હતું. જેના અંતે બ્લડ સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટથી દર્દીને સાજો કરવાનું શક્ય હોવાથી દાત્રીકક્ષાએથી મેળવાયેલા બ્લડ સ્ટેમ સેલના દાનના આધારે બ્લડ સેલના મેચ માટે તપાસ થઈ હતી. આખરે અમદાવાદની યુવતી જીનલ પટેલના બ્લડ સ્ટેમ સેલનુ મેચ મળતા આ યુવતીએ સ્ટેમ્પશેલનું દાન આપી યુવાનને નવા જીવનની ભેટ ધરી છે. જીવલેણ બીમારીમાંથી આ યુવાનને બચાવવા એપોલો હોસ્પિટલના હેમેટો ઓન્કોલોજીના ડાયરેક્ટર ડૉ. ચિરાગ શાહ, કન્સલટન્ટ ટ્રાન્સફ્યુઝન મેક્સિન ડૉ. પરેશ વ્યાસા, દાત્રી સંસ્થાના દર્દીઓ માટે જરૂરી મેચ મળવાની શક્યતા બહુ ઓછી છે. દાત્રીએ સીત્તેર હજાર સ્વૈચ્છિક દાતાઓનો દેટા તૈયાર કર્યો છે, જ્યારે ૮૪ ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યા છે. જ્યારે હાલની સ્થિતિએ ૨ હજારથી વધુ દર્દીઓ મેચ શોધી રહ્યા છે. આવા દર્દીઓને વધુ મદદરૂપ થવા વધુ દાતાઓ નોંધણી કરાવે તો મેચીંગ મળવાની શક્યતા વધી જાય છે અને અન્ય દર્દીઓનું જીવન પણ બચી શકે છે. ડૉ. ચિરાગ શાહે જણાવ્યું હતું કે ભારતમાં દર વર્ષે કેન્સરના ૯ લાખ જેટલા દર્દીઓ ધ્યાને આવે છે. જેમાં ૧૦ ટકા અલગ અલગ પ્રકારના બ્લડ કેન્સરના દર્દીઓ હોય છે. જેના માટે બ્લડ સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે છે. જેમાં ૨૫ ટકા સ્ટેમસેલનું મેચીંગ ફેમીલીમાંથી મળવાની શક્યતા છે. અમેરિકા, યુરોપમાં આ માટે ૨ કરોડથી વધુ દાતાઓની નોંધણી થઈ છે. ૧૮ થી ૫૦ વર્ષનાવ્યક્તિ દાતા તરીકે નામ નોંધાવી શકે છે. ભારતમાં ૧.૪૦ લાખથી વધુ દર્દીઓ બ્લડ કેન્સરથી પીડાય છે. જ્યારે ૭૦ ટકાને ફેમીલીમાંથી મેચ મળતુ નથી. આ મામલે દાતાઓમાં અવેરનેશ આવે તે અત્યંત જરૂરી છે. સર્જરી વગરની આ પ્રક્રિયા દાતા માટે સરળ અને સલામત છે. જેના લીધે દર્દીને નવજીવન મળે છે. છેલ્લા ૩ વર્ષમાં ૨૦ જીંદગી બચાવવામાં આવી છે. દાત્રી સંસ્થાએ ૧૦ લાખ દાતાઓની યાદી તૈયાર કરવાનો સંકલ્પ કર્યો છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ઉનાળાનું આગમન : શિયાળો ધીમે પગલે વિદાય લઈ રહ્યો છે અને સાથો સાથ ઉનાળાનો પ્રવેશ થઈ રહ્યો છે. એની સાબિતી આપે છે બજારમાં શેરડીના કોલા આવી રહ્યા છે. ઉનાળાના આગમનની છડી પોકારે છે.

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com